# કમ્પ્યુટર સાયન્ટિસ્ટ (કમ્પ્યુટર વૈજ્ઞાનિક)

કમ્પ્યૂટર વૈજ્ઞાનિકો ગાણિતિકને લગતી સૈદ્ધાંતિક બાબતો પર કામ કરે છે જે હાર્ડવેર એન્જિનિયરો જેના પર ધ્યાન કેન્દ્રિત છે તે હાર્ડવેરને લગતી બાબતોથી તદ્દન વિપરીત છે. જો કે કમ્પ્યૂટર વૈજ્ઞાનિકો તેમના કાર્ય અને સંશોધનને વિશેષ ક્ષેત્રો (જેમ કે સોફ્ટવેર એન્જિનિયરીંગ, કમ્પ્યૂટર ગ્રાફિક્સ વગેરે) પર કેન્દ્રિત કરી શકે છે, તેમ છતાં તેમનો મૂળભૂત આધાર કમ્પ્યુટિંગનો સૈદ્ધાંતિક અભ્યાસ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે પ્રયોગો કરવાનું પસંદ કરો છો
- તમે એક વ્યવહારિક વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૦,૦૦૦ થી ૫,૪૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઇન્ડસઇન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક (B.Tech/BE/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કમ્પ્યુટર સાયન્ટિસ્ટનું અંદાજીત માસિક વેતન
રૂ. ૩૫,૫૦૦ થી ૩,૩૪,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Computer_Scientist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે આરોગ્ય સંભાળ ટેક્નોલોજી, વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સોશિયલ મીડિયા કંપનીઓ, સોફ્ટવેર અને કમ્પ્યુટર મેન્યુફેક્ચરિંગ કંપનીઓ, સરકારી ક્ષેત્રોમાં, નાણાકીય સેવા પ્રદાતાઓ વગેરે જેવા ઉદ્યોગોમાં કામ મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

**આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.**

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર કમ્પ્યુટર સાયન્ટિસ્ટ → સિનિયર કમ્પ્યુટર સાયન્ટિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કમ્પ્યુટર સાયન્ટિસ્ટ, સોફ્ટવેર સાયન્ટિસ્ટ, ઓપરેટિંગ સોફ્ટવેર સાયન્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સી.આર. રાવ એડવાન્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેથેમેટિક્સ, સ્ટેટિસ્ટિક્સ એન્ડ કમ્પ્યુટર સાયન્સ, હૈદરાબાદ
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. ડીડીયુ, નડિયાદ
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, ગાંધીનગર
૮. ઈસ્ટ કલકત્તા ગર્લ્સ કોલેજ, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જીયુએનઆઈ, મહેસાણા
૨. એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. બેંગલોર સિટી કોલેજ, બેંગલુરૂ
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. પારૂલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://nptel.ac.in/courses/106106092
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**ગીતા મંજુનાથ** એક ઉદ્યોગસાહસિક અને કમ્પ્યુટર સાયન્ટિસ્ટ છે. તે નિરામય હેલ્થ એનાલેટિક્સના સ્થાપક અને સી.ઈ.ઓ. છે, જે બેંગલુરૂ સ્થિત સ્ટાર્ટ-અપ છે જે એ.આઈ. દ્વારા કોઈપણ પ્રકારની વાઢકાપ કે શૈલ્ય પ્રક્રિયા કર્યા વગરની, રેડિયેશન મુક્ત સ્તન કેન્સર સ્કીનીંગ સુવિધા પ્રદાન કરે છે. તેણીએ કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરીંગમાં બી.ઈ. અને આઈ.આઈ.એસ.સી.માંથી ડેટા માઈનિંગ, સિમેન્ટીક વેબમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. તેણીને કમ્પ્યુટર સોસાયટી ઑફ ઈન્ડિયાનો સુવર્ણ ચંદ્રક તેમજ કર્ણાટક તરફથી ટી.આર.શમન્ના રાજ્ય પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૯માં તેમની પસંદગી ટોચના ૫૦ના સ્કોમ આઈ.ટી. ઈનોવેટર્સ પૈકીના એક તરીકે કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૦માં તેઓ એમ.આઈ.ટી. ટેક રિવ્યુ ગ્રાન્ડ ચેલેન્જીસમાં, આરોગ્ય સંભાળ ટેકનોલોજિસ્ટ્સની શ્રેણીમાં વિજેતા પણ હતા.*

સ્રોત: https://rising.analyticsindiamag.com/speaker/geetha-manjunath/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.